ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૧૮/ 2558 – 2903

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. /૧૨/૨૦૧૮
25/12/18

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અધિવેશનની મંજૂરી બાબત.
સંદર્ભ:– (૧) પ્રમુખ શ્રી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ ના તા. ૨૬/૧૧/૧૮નો પત્ર
(૨) પ્રમુખ શ્રી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ ના તા. ૧૭/૧૨/૧૮નો પત્ર

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અધિવેશન ગુજરાત રાજ્યમાં યોજવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ની આઈટમની કલમ-૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જેના આધારે અધિવેશન માટેના રૂ. ૮૦૦ (અંકે રૂપીયા આઠસો પૂરા) તથા અધિવેશનમાં હાજરી આપતા આચાર્યોના પ્રવાસભથ્થાનો ખર્ચ શાળાની ગ્રાન્ટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈત્તરખર્ચની જોગવાઇ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકૂળતા પ્રમાણે નક્કી કરવાનું રહેશે. પરંતુ આ અધિવેશન વધુમાં વધુ ૩(ત્રણ) દિવસથી વધુ ન હોવું જોઇએ. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ,
સંયુક્ત શિક્ષણ નિયામક,
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારું
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ.
- સારસ્વત ભવન અભિષેક બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

---

ક્રમાંક:– હિસાબી–૨/પરિપત્ર/૨૦૧૮/ 3063

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખ:-26 /૧૨/૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બીન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ,
બનાસકાંઠા જીલ્લો